INDIAN NATIONAL CONGRESS

# Shaktisinhji Gohil

Chief Spokes Person
Gujarat Congress
Former Minister of Finance,
Education, Health & Planning
Gujarat State.
AICC Delegate

- 3 MAR 2014

માનનીયશ્રી નરેન્દ્રભાઈ,
મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય ,

વિષય : કોસ્ટલ સિક્યોરિટી બાબતે.

ઉપરોકત વિષય બાબતે સવિનય જણાવવાનુ કે ગુજરાત રાજ્ય ૧૬૪૦ કિલોમીટરનો દરિયા કાંઠો ધરાવે છે અને આપણો દરિયાકાંઠો પાકિસ્તાન થી એકદમ નજીક આવેલો છે. ગુજરાતના દરિયા કાંઠા પર સુરક્ષાની બાબત અતિ સંવેદનશીલ છે. જીરો થી બાર નોટીકલ માઈલ સુધી દરિયાઈ સુરક્ષાની જવાબદારી રાજ્ય સરકારની રહે છે. દરિયાઈ સુરક્ષા અંગેની ગંભીરતાને ધ્યાને લઈ ને ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જાન્યુઆરી ૨૦૦૫માં કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ બનાવામાં આવી છે. આ સદર્ભમાં ગુજરાત રાજ્યનો કોસ્ટલ સિક્યુરિટી પ્લાન પણ જાન્યુઆરી ૨૦૦૬માં ભારત સરકારે મંજુર કરીને આપણને મોકલી આપેલો છે. મારી માહિતી મુજબ ગુજરાત સરકાર દ્વારા કોસ્ટલ સિક્યુરિટીની બાબતમાં ખુબજ ઉદાસીનતા અને ત્રુટીઓ રાખવામાં આવી હોય તેવું ધ્યાને આવેલ છે. રાષ્ટ્રીય સુરક્ષાની બાબત એ રાજકારણ થી ઉપર ગણીને કોંગ્રેસ પક્ષે હમેશા રાષ્ટ્રીય સુરક્ષાને મહત્વ આપ્યું છે. આ સંજોગોમાં આપને હું આજે પત્ર લખી રહ્યો છું તેની આપના તરફથી સંતોષકારક માહિતી ચોક્કસ સમય મર્યાદામાં મળે તેવી અપેક્ષા રાખુ છું અને સમય મર્યાદા પૂરી ન થાય ત્યાં સૂધી મારો આ પત્ર મીડિયામાં કે જાહેરમાં ન જાય તેની કાળજી લેવાનો પ્રયત્ન કરીશ. મારી પાસે ઉપલબ્ધ કેટલીક માહિતીના સંદર્ભમાં સત્ય હક્કિત શું છે તે આપના તરફથી જણાવવામાં આવે તેવી અપેક્ષા સાથે નીચેના પ્રશ્નો રજુ કરું છું.

(૧) જાન્યુઆરી ૨૦૦૬માં ગુજરાતના દરિયા કાંઠા માટે ૧૦ કોસ્ટલ પોલીસ સ્ટેશન (CPS), ૨૫ કોસ્ટલ ચેક પોસ્ટ (CCP) અને ૪૬ કોસ્ટલ આઉટ પોસ્ટ મંજુર કરવામાં આવેલ છે આ પૈકી કેટલા CPS, કેટલા CCP અને કેટલા COP પૂર્ણતઃ કાર્યાન્વિત થયા છે? અને કેટલા કાર્યાન્વિત થયા નથી? કાર્યાન્વિત થયા પૈકી કેટલા દિવસો વિલંબ થયો હતો તે દિવસો પણ જણાવવા વિનંતી.

(૨) કોસ્ટલ સિક્યોરિટી પ્લાન મુજબ ૩૦ બોટ્સ ગુજરાત સરકારને ફાળવવામાં આવી છે તે નાઇટ વિઝન કેમેરા સાથે સુસજ્જ છે. આ બોટ્સ મંજુર થયેલા પ્લાન મુજબ કેટલા ટકા કાર્યાન્વિત રહી છે? રાત્રી પેટ્રોલિંગ જે સ્ટાન્ડર્ડ ઓપરેશનલ પ્રોસીજર મુજબ થવું જોઈએ તેના કરતા કેટલા ટકા ઓછું થયુ છે?

Shaktisinh Gohil
Former Leader of Opposition, Gujarat,
202, Rajvi Tower, Rajvansh Building,
Satya Marg, Bodakdev, Ahmedabad-54.
Website : http://www.shaktisinhgohil.com
email: shgohil@hotmail.com

Bhavnagar :
"Limda House", 4, Rubber Society,
Subhashnagar, Bhavnagar-01.
Ph.: 0278-2209136.
E-mail : shgohil@hotmail.com

(૩) જામનગર અને કચ્છ જીલ્લો એ પાકિસ્તાન સરહદ થી સૌથી વધારે નજીક આવેલો છે અને આ સરહદ પરના દરિયા કાંઠાની લંબાઈ એ ૨૩૮ કિલોમીટરની છે તેમા પ્લાન મુજબ કેટલા CPS મંજુર થયા હતા? અને તે પૈકી હાલ કેટલા CPS કાર્યાન્વિત થયા છે?

(૪) રૂપિયા ૪૬.૧૬ કરોડના ખર્ચે વેસલ ટ્રેકિંગ અને મોનીટરીંગ સીસ્ટમ બનાવવાની મંજુરી આપવામાં આવી હતી. આ પૈકી હાલ કેટલો ખર્ચ થયો છે? અને આ સીસ્ટમ ૨૦૦૮માં મંજુર થઈ ત્યાર બાદ હજુ સૂધી કાર્યાન્વિત ન થવાનું કારણ શું?

(૫) કોસ્ટલ બેલ્ટ પરના પોલીસ સ્ટેશનો પર કુલ મહેકમ કેટલું મંજુર થયેલું છે? અને હાલ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે?

(૬) કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ મુજબ મરીન ઇન્ટેલિજન્સ અને ઇન્વેસ્ટીગેશન વિંગ દરેક કોસ્ટલ પોલીસ સ્ટેશનમાં બનાવવાની હતી તે બનાવવમાં આવી છે કે કેમ?

(૭) ખાસ ટ્રેનીંગ પામેલા પોલીસ દળ ના જવાનો પૈકી કેટલા ટકા લોકો કોસ્ટલ સિક્યુરિટી પોલીસ સ્ટેશનો સિવાય અન્ય જગ્યાએ નિમણુંક પામેલા છે?

ઉપરોક્ત પશ્નોના જ્વાબો આપના તરફથી શક્ય તેટલા વહેલા અને મોડા માં મોડા ૧૦ દિવસમાં મને પ્રાપ્ત થશે તેવી આશા રાખુ છું. આપશ્રીએ સિરક્રીકનો તદન્ જુઠ્ઠો મુદો ઉપસ્થિત કરીને ચુંટણી સમયે પ્રધાનમંત્રીશ્રીને પત્ર લખી ને તે મીડિયાને લીક કરેલ હતો તે રીતે આપને હું આ પત્ર લખીને મીડિયાને લીક કરવા માટે નથી લખતો પરંતુ રાષ્ટ્રની સુરક્ષા માટેની ચિંતા સાથે આ પત્ર રહ્યો છું. મારે ખેદ સાથે કહેવું જોઈએ કે રાજ્યના દરિયા કાંઠાની સુરક્ષા માટે મારી માહિતી મુજબ રાજ્ય સરકારે ઘણી જ અનદેખી કરેલ છે.

આપના પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથસિંહજી એ તાજેતરમાંજ જ્યારે શ્રી વી.કે સિંહ ભારતીય જનતા પક્ષના જોડાયા ત્યારે રાષ્ટ્રના સુરક્ષાને લગતા કેટલાક મુદ્દાઓને રાજકારણ માટે મીડીયા સમક્ષ રજુ કર્યા હતા અને કેન્દ્ર સરકાર જાણેકે રાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતિત ન હોય તેવું રાજકીય અવલોકન કર્યું હતુ. જ્યારે ખરેખર જો વાસ્તવિક રીતે જોઈએ તો રાષ્ટ્રીય સુરક્ષાની સૌથી મોટી અનદેખી આપના નેતુત્વવાળી ગુજરાત સરકાર તરફથી ગુજરાતના દરિયા કાંઠે થઈ રહી હોય તેવું જણાઈ રહ્યું છે.

આભાર સહ,

કુશળ હશો.

આપનો સ્નેહાધિન

(શક્તિસિંહ ગોહિલ)

RLAD GHATLODIA PO (380061)
A RG220977855IN
Counter No:1.OP-Code:02
To:NARENDRA MODI.
GNR, PIN:382010
From:SHAKTISINH GOHIL . AHD
Wt:20grams.
Amt:25.00 . 04/03/2014 . 10:24
((Have a nice day))

ભારતીય ડાક
India Post